# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી

સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ ,ખડિયા
જૂનાગઢ,ગુજરાત (ભારત) ફો.(ઓ) :૦૨૮૫ -૨૬૮૧૪૦૦

Website :http://www.bknmu.edu.in Email : info@bknmu.edu.in


## પરિપત્ર

**વિષય : સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિ દિનની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધામાં ભાગ લેવા બાબત.**

**સંદર્ભ : કે.સી.જી. નાં પત્ર ક્રમાંક કેસીજી/સપ્તાધારા/૨૦૨૧-૨૨/૧૫૬૦ તા.: ૨૬/૧૦/૨૦૨૧ અન્વયે.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી-જુનાગઢ સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે વિદ્યાર્થીઓ દિન-વિશેષ અને વ્યક્તિ વિશેષથી પરિચિત થાય તેમજ મહાનુભાવોના કાર્યોથી પણ પરિચિત થાય અને મહાનુભાવોના જીવનમાંથી પ્રેરણા મેળવે તે જરૂરી છે જે બાબતને ધ્યાને લઈ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત કેસીજી દ્વારા રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. આ નિબંધ સ્પર્ધાનો મુખ્ય ઉદેશ વિદ્યાર્થીઓને સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ચરિત્ર તેમજ તેમના વિચારો વિષે માહિતગાર કરવાનો અને વિદ્યાર્થીઓમાં એકતાનું મહત્વ સમજાવવાનો છે જે બાબત ધ્યાને લઈ આ સ્પર્ધામાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તેવા પ્રયત્નો આપની કક્ષાએથી કરવાનું જણાવવામાં આવે છે.

વધુમાં, નિબંધ સ્પર્ધાના નિયમો સંદર્ભપત્રમાં સામેલ છે, જે અનુસાર કાર્યવાહી કરી એક નકલ અત્રેની યુનિવર્સીટીનાં એકેડેમિક વિભાગને જાણ સારું મોકલવા જણાવવામાં આવે છે.

For
કા.કુલસચિવ

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/૦૪૨૯/૨૦૨૧
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ
તા. ૦૧/૧૧/૨૦૨૧

પ્રતિ,
ભકત કવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ/અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ તરફ

બિડાણ :

સંદર્ભપત્રની નકલ

**નકલ સાદર રવાના :**

માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગતસચિવશ્રી

**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**

આઈ.ટી. સેલ (વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે)

# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat


ક્રમાંક: કેસીજી/સપ્તધારા/૨૦૨૧-૨૨/1560 તા: 26/10/2021

પ્રતિ,

1. રજીસ્ટ્રારશ્રી
   રાજ્યની તમામ યુનિવર્સીટીઓ (સરકારી, સેક્ટોરીયલ અને ખાનગી)
   ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય
2. આચાર્યશ્રી
   રાજ્યની તમામ કોલેજો(સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર)
   ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, ગુજરાત રાજ્ય

વિષય: સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી દિનની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે ગુજરાત રાજ્યની ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની તમામ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો અને રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ દિન-વિશેષ અને વ્યક્તિ વિશેષથી પરીચિત થાય તથા મહાનુભાવોના કાર્યોથી પરિચીત થાય તેમજ તેમના મહાનુભાવોના જીવનમાંથી પ્રેરણા મેળવે તે જરુરી છે. આથી કેસીજી કચેરી દ્વારા ચાલુ વર્ષે ઓક્ટોબર માસમાં ૩૧મી ઓક્ટોબર,૨૦૨૧ ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલ દિન-વિશેષની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધા આયોજિત કરવામાં આવેલ છે. આ નિબંધ સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સરદાર વલ્લભભાઈ પટેલના જીવન ચરિત્ર તથા તેમના વિચાર વિશે માહિતગાર કરવાનો અને વિદ્યાર્થીઓમાં એકતાનું મહત્વ સમજાવવાનો છે.

- નીચે મુજબ આપેલ વિષયમાંથી કોઈ પણ <u>એક</u> વિષય પર લખવાનો રહેશે.
  ૧) લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ: અખંડ ભારતના શિલ્પી
  ૨) સરદાર વલ્લભભાઈ પટેલ: એક મહાન સ્વાતંત્ર્ય સેનાની
  ૩) ભારતની સ્વતંત્રતા ચળવળમાં સરદાર વલ્લભભાઈ પટેલનું યોગદાન
  ૪) સરદાર વલ્લભભાઈ પટેલ: પ્રારંભિક જીવન અને બાળપણથી ભારતની સ્વતંત્રતા સુધીની સફર
- નિબંધ લેખન ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાંથી કોઈ પણ એક ભાષામાં ભૂરી **(Blue)** અથવા કાળી **(BLACK)** શ્યાહી વાળી બોલપેનથી લખવાનો રહેશે.
- નિબંધ આશરે ૨૫૦ થી 300 શબ્દોની મર્યાદામાં **A4 Size**ના કાગળમાં લખવાનો રહેશે.
- દરેક વિદ્યાર્થીએ નિબંધ લેખનના આ સાથે સામેલ નિયત નમુના મુજબના પ્રથમ પેજની માહિતી જેવી કે, વિદ્યાર્થીનું નામ, વર્ષ, કોલેજનું નામ, આચાર્યનું નામ, વિદ્યાર્થીનો એનરોલ્મેન્ટ નંબર/ રોલ નંબર, માધ્યમ, વગેરે દર્શાવવાનું રહેશે. તેમજ છેલ્લા પેજ પર વિદ્યાર્થીએ સહી કરવાની રહેશે
- સદર સ્પર્ધા માં વધુમાં વધુ વિદ્યાર્થીઓ ભાગ લે તે ઇચ્છનીય છે.

- આ સ્પર્ધામાં જીલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાએ પ્રથમ ત્રણ વિજેતાઓને નીચે મુજબના ઇનામ તથા પ્રમાણપત્ર મળવાપાત્ર રહેશે.

| સ્પર્ધાની વિગત | વિજેતા | ઇનામ (રૂપિયામાં) |
|---|---|---|
| રાજ્ય કક્ષાએ | પ્રથમ | ૭૦૦૦/- |
| | દ્વિતીય | ૬૦૦૦/- |
| | ત્રિતીય | ૫૦૦૦/- |
| જીલ્લા કક્ષાએ (કુલ 33 જીલ્લા) | પ્રથમ | ૪૦૦૦/- |
| | દ્વિતીય | ૩૦૦૦/- |
| | ત્રિતીય | ૨૦૦૦/- |
| કુલ | | |

- વિધાર્થી દ્વારા તારીખ:૧૫/૧૧/૨૦૨૧ સુધીમાં કેસીજી કચેરીને પ્રાપ્ત થાય તે પ્રમાણે નીચે મુજબના નિયત કવરમાં રજી.એડી/ સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત મોકલી આપવાનું રહેશે.

વિષય: સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી દિનની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધા બાબત

પ્રતિ,
ડૉ. યોગેશ યાદવ
ખાસ ફરજ પરના અધિકારી(એક્સ્ટેન્શન)
નોલેજ કાનસોર્ટીયમ ઓફ ગુજરાત(કેસીજી),
પ્રજ્ઞા પુરમ કેમ્પસ, PRLની સામે,
નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મોકલનાર,
વિધાર્થીનું નામ________________
સરનામું________________
________________
મો. નં________________

- વિધાર્થીએ લેખિત નિબંધની સાથે કોલેજ/યુનિવર્સીટીના Student ID Cardની સ્વપ્રમાણિત નકલ જોડવાની રહેશે.

આમ, સરદાર વલ્લભભાઈ પટેલ જન્મ જયંતી દિનની ઉજવણી અંતર્ગત રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધામાં રાજ્યની તમામ યુનિવર્સીટી અને કોલેજોના વિધાર્થીઓ ભાગ લે તે માટે કાર્યવાહી કરવા આથી જણાવવામાં આવે છે.

એમ.નાગરાજન(IAS)
સીઈઓ, કેસીજી, અમદાવાદ

બિડાણ: નિબંધ લેખન માટે વિધાર્થી દ્વારા ભરવાની થતી વિગતના પ્રથમ પેજનો નિયત નમુનો
નકલ રવાના જાણ સારું:

- ડૉ. યોગેશ યાદવ, ખાસ ફરજ પરના આધિકારી(એક્સ્ટેન્શન), કેસીજી